Society for Creation of Opportunity through Proficiency in English
**STTI Building, 1st Floor, GCERT** Complex, Sector-12, Gandhinagar.
**Ph .079- 23244598. FAX - 23244588. www.scopegujarat.org**
**E- mail: .ceo.scope@gmail.com**

---

# પતંગો છાપવા માટેનું ટેંડર

Society for Creation of Opportunity through Proficiency in English
**Promoted By Government of Gujarat**

ટેંડરનાં કોરાં ફોર્મ મેળવવાની અંતિમ તા. ૩-૧૨-૧૧ ૧૬.૦૦ કલાક સુધી
ટેંડર મોકલવાની અંતિમ તા.૫-૧૨-૧૧ ૧૬.૦૦ કલાક સુધી
ટેંડર ખોલવાની તા.૭-૧૨-૧૧ ૧૨:૦૦ કલાકે
ટેંડર ખોલવાનું સ્થળ: સ્કોપ કચેરી

ગાંધીનગર — જોઈંટ સીઈઓ
તા.૨૩-૧૧-૧૧ — SCOPE

SCOPE

Society for Creation of Opportunity through Proficiency in English

Promoted By Government of Gujarat

Society for Creation of Opportunity Through Proficiency in English (SCOPE ) એ ગુજરાતના યુવાનોને અંગ્રેજીના શિક્ષણ દ્વારા રોજગારી માટેની યોગ્યતા પુરી પાડવા માટેની કાર્યરત સંસ્થા છે. આ સંસ્થાની પ્રવૃત્તિઓના પ્રચાર માટે મકરસંક્રાંતી (૧૪મી જાન્યુઆરી)ના પર્વ નિમિત્તે પતંગો ઉપર લોગો, સુત્રો તેમજ અન્ય માહિતી છાપવાના ભાવો મંગાવવામાં આવે છે

આ કામની શરતો નીચે મુજબ રહેશે.

૧. SCOPE કચેરી દ્વારા પુરી પાડવામાં આવનાર સીડીમાં જણાવેલ ડિઝાઈન મુજબ ૧૭”x ૨૩” ની સાઈઝના કુલ ૫૦૦૦૦ સફેદ ચીલ પતંગો ઉપર છાપકામ કરવાનું રહેશે.

૨. પતંગ છાપવાનું કામ પુર્ણ થયેથી અત્રેની કચેરીના અધિકારી દ્વારા ચકાસણી અને ગણતરી કર્યા પછી જ માલ મોકલવાનો રહેશે.

૩. ૫૦૦૦૦ પતંગો પૈકી ૧૦૦૦૦ પતંગો અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે. જ્યારે બાકીના પતંગો ઈજારદારે વેચવાના રહેશે. વેચાણની રકમ ઈજારદાર રાખી શકશે.

૪. ૪૦૦૦૦ પતંગો માટે અત્રેથી માત્ર પ્રીંટીંગના ભાવો ચુકવવામાં આવશે. જ્યારે અત્રેની કચેરીને મોકલવામાં આવનાર પતંગો માટે છાપકામ ઉપરાંત પતંગની કિંમત સહિતની રકમ ચુકવવામાં આવશે. ઈજારદારે આ બંને ભાવો અલગ અલગ દર્શાવવાના રહેશે.

૫. માત્ર અમદાવાદ અને ગાંધીનગરના વેપારીઓજ ટેંડર ભરી શકશે.

૬. ૧૦૦૦૦ પતંગો તા. ૭મી જાન્યુ.૨૦૧૨ સુધીમાં અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે.

૭. CEO SCOPEની તરફેણમાં લખેલ અને ગાંધીનગર ખાતે ચુકવવાપાત્ર રૂ.૫૦૦ના ડ્રાફ્ટની ચુકવણી કર્યેથી SCOPE કચેરીમાંથી ટેંડરનાં કોરાં ફોર્મ તા.૩-૧૨-૧૧ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી શકશે.

૮. આ ટેંડરો ભરીને સીલબંધ કવરમાં તા.૫-૧૨-૧૧ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીને મોકલી આપવાનાં રહેશે. કવર ઉપર “પતંગના છાપકામના ભાવો માટેનું ટેંડર” એમ અવશ્ય લખવાનું રહેશે. ભરેલ ટેંડરો સાથે રૂ.૩૦૦૦ની અર્નેસ્ટ મની ડીપોઝીટનો CEO SCOPEની તરફેણમાં લખેલ અને ગાંધીનગર

ખાતે ચુકવવાપાત્ર ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. અર્નેસ્ટ મની ડીપોઝીટના ડ્રાફ્ટ સિવાયનાં ટેંડરો સ્વીકરવામાં આવશે નહિં.

૯ છાપકામની કામગીરી શરુ કરતાં પહેલાં અત્રેની કચેરીને સેમ્પલ બતાવવાનું રહેશે. અને સેમ્પલ પાસ થયા બાદ છાપકામની કામગીરી શરુ કરવાની રહેશે.

૧૦. કરાર ભાવ ઉપરાંત કોઇપણ જાતની ચુકવણી કરવામાં આવશે નહિં.

૧૧. અત્રેની કચેરીમાં પતંગો મોકલવાનો ખર્ચ ટેંડર ભરનારે ભોગવવાનો રહેશે.

૧૨. આ કરાર બાબતે વિવાદ થાય તો તે બાબત ગાંધીનગરની કોર્ટના કાર્યક્ષેત્ર પુરતી મર્યાદિત રહેશે.

૧૩.. આ કરાર માત્ર જાન્યુ.-૧૨ સુધીજ મર્યાદિત રહેશે.

૧૪. આ ભાવો તમામ કરવેરા સહિતના હોવા જોઇશે.

૧૫. પતંગો છાપીને મોકલવાની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે. કામ સમય મર્યાદામાંનહિં થાય તો કરારની કિંમતના ૫% લેખે દંડ ભરવાનો રહેશે

૧૬. કામ સંતોષ કારક ન જણાય તેમજ કરારની શરતોનું યોગ્ય રીતે પાલન નહિં થાય તો કોઇપણ કારણ આપ્યા સિવાય કરાર રદ કરવાની સત્તા CEO ને રહેશે.

**ફાયનાન્સીઅલ બીડ**

| કામની વિગત | સંખ્યા | પતંગદીઠ ભાવ રૂ. |
|---|---|---|
| પતંગ છાપવાના ભાવ | ૪૦૦૦૦ | |
| પતંગ છાપીને અત્રેની કચેરીને મોકલવાના ભાવ | ૧૦૦૦૦ | |

પેઢીના માલિકની સહિ